ભારતમાં વરસાદનાં સમીકરણ

દેશની ૭૦ ટકા ખેતી વરસાદ પર નિર્ભર હોવાથી ચોમાસાની ઋતુ અને ભારત દેશ વચ્ચે અતૂટ સંબંધ છે. આ ઋતુ દરમિયાન દેશમાં ૬૫ ટકા ખેતીનું ઉત્પાદન લેવામાં આવે છે. જો વરસાદ અપૂરતો હોય કે પછી દુકાળની પરિસ્થિતિ સર્જાય તો તેની વિપરીત અસર દેશના અર્થતંત્રને પડે છે. તેથી વરસાદને ભારતીય અર્થવ્યવસ્થાના તારણહાર તરીકે સંબોધવામાં કંઈ ખોટું નથી.

ભારતીય ઉપખંડ માટે સંજીવની ઠરનારા ચોમાસાનું (મૌસમી વરસાદનું) આગમન ભારતમાં આ વખતે અંદાજિત સમયે થયું છે.

આ વખતે ૯૮ ટકાની આસપાસ વરસાદ પડશે એવો અંદાજ હવામાન ખાતાએ દર્શાવ્યો હોવાથી હમણાં ફેંટ થકી નિર્માણ થનારી સમસ્યાનો વિચાર કરવાનું કોઈ કારણ નથી.

આપણા દેશમાં પડનારો ૮૦ ટકા વરસાદ આ મોસમી પવનોને કારણે પડતો હોવાથી તેના થકી દેશના ૭૦ ટકા લોકોને રોજગાર મળે છે. દેશના એકંદરે કુલ ઉત્પાદન પૈકી ખેતીનો ફાળો સુમારે ૨૫ ટકાની આસપાસ છે. તેથી ભારત જેવા દેશના તારણહાર એવા આ મોસમી વરસાદનો અમુક અંદાજ બાંધવો અત્યંત મહત્ત્વનું તેમ જ તેટલું જ મુશ્કેલ કાર્ય છે. હમણાં સુધી હવામાન ખાતા દ્વારા વ્યક્ત કરવામાં આવતા અંદાજને એક મજાક ગણવામાં આવતી, પણ તેમાં કેટલાક અંશે તથ્ય પણ હોય છે. હવામાન ખાતાએ જણાવ્યું હોય કે આવતી કાલે વરસાદ પડશે, તો આરામથી છત્રી વગર ઘરની બહાર નીકળો એવી 'જોક' આજે પણ કરવામાં આવે છે. તેથી ભારત જેવા દેશના અમુક વિસ્તારોમાં જો વરસાદનો અચૂક અંદાજ બાંધવામાં ન આવે તો તે કોડીની રાણીની દોડધામ શરૂ થાય તો વરસાદ નજીક આવ્યો હોવાનો અંદાજ બાંધવામાં આવે છે. સમુદ્રમાં આવતી લહેરો અને તેનો રંગ જોઈને જાણકારો વરસાદનો અચૂક અંદાજ બાંધે છે, પણ વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા હવામાનનો અંદાજ પારખવાની પદ્ધતિ વર્ષ ૧૮૮૨ અને ૧૮૮૫ આ કાળ દરમિયાન ચલણમાં આવી. ૧૮૭૭ના ભીષણ દુકાળને કારણે સર એચ. એફ. બ્લાન ફોર્બ હિમાલયમાં થતા બરફના વરસાદના આધારે અંદાજ બાંધવાની શરૂઆત કરી હતી.

આપણા દેશમાં પડનારો ૮૦ ટકા વરસાદ મોસમી હોય છે. આ વરસાદ થકી દેશની ૭૦ ટકા પ્રજાને રોજગાર ઉપલબ્ધ થાય છે. દેશના એકંદરે કુલ ઉત્પાદન પૈકી કૃષિનો ફાળો સુમારે ૨૫ ટકાની આસપાસ છે. તેથી ભારત જેવા ઉપખંડના દેશોના તારણહાર એવા આ મોસમી વરસાદનો (અચૂક) અંદાજ મેળવવો એ અત્યંત મહત્ત્વનું છતાં મુશ્કેલ કાર્ય છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં દેશમાં નોંધાયેલો વરસાદ

વર્ષ	ચોમાસાનો અંદાજ (ટકાવારીમાં)	વાસ્તવિક નોંધાયેલો વરસાદ (ટકાવારીમાં)
૧૯૮૮	૧૧૩	૧૧૯
૧૯૮૯	૧૦૨	૧૦૧
૧૯૯૦	૧૦૧	૧૦૬
૧૯૯૧	૯૪	૯૧
૧૯૯૨	૯૨	૯૩
૧૯૯૩	૧૦૩	૧૦૦
૧૯૯૪	૯૨	૧૧૦
૧૯૯૫	૯૭	૧૦૦
૧૯૯૬	૯૬	૧૦૩
૧૯૯૭	૯૨	૧૦૨
૧૯૯૮	૯૯	૧૦૫
૧૯૯૯	૧૦૮	૯૬
૨૦૦૦	૯૬	૯૨
૨૦૦૧	૯૮	૯૧
૨૦૦૨	૧૦૧	૮૧
૨૦૦૩	૯૮	૧૦૨
૨૦૦૪	૧૦૦	૮૭
૨૦૦૫	૯૮	૯૬
૨૦૦૬	૯૨	૧૦૦
૨૦૦૭	૯૩	૧૦૬
૨૦૦૮	૯૬	૯૮
૨૦૦૯	૯૬	૭૨

૪ જૂન, ૧૮૮૬માં પહેલી વાર નિયમિત હવામાનનો વર્તારો શરૂ કરવામાં આવ્યો. ૧૮૧૨માં દીર્ઘકાલીન અંદાજ વ્યક્ત કરવાની શરૂઆત થઈ. સર જોન ઈલીયોટે આ પદ્ધતિની શરૂઆત કરી. હવામાન ખાતાના તત્કાલીન વડા ગિલ્બર્ટ વૉકરે પહેલાંની પદ્ધતિમાં અમુક ફેરફારો કરીને હવામાનનો અંદાજ વ્યક્ત કરવાની નવી પદ્ધતિનો વિકાસ કર્યો. તેની સર્વોત્તમ અમલબજાવણી ૧૯૮૪માં થઈ. તેની આ પદ્ધતિને મળેલી સફળતાને જોઈને આ પદ્ધતિ કાયમીરૂપે શરૂ થઈ. આપણને અંગ્રેજોના રાજમાંથી આઝાદી મળી ત્યાર બાદ પણ આ જ મૉડેલ કાર્યરત રહ્યું. આ સમય દરમિયાન અમેરિકન નિષ્ણાત ભારતના હવામાનનો અંદાજ વ્યક્ત કરતા તેમાં મોટે ભાગે ભય હોવાથી ખેડૂતો વધુ મુશ્કેલીમાં મુકાય છે, પણ વૉકરનું મૉડેલ ૧૯૮૭માં નિષ્ફળ નીવડ્યું અને દેશને ભીષણ દુકાળનો સામનો કરવો પડ્યો હતો, તેથી ત્યાર બાદ વરિષ્ઠ નિષ્ણાત ડૉ. વસંત ગોવારીકરની અધ્યક્ષતા હેઠળ નવું મૉડેલ તૈયાર કરવામાં આવ્યું. તેમાં હવામાનમાં આવતા બદલાવ સંબંધિત ૧૬ ઘટકોનો અભ્યાસ કરવામાં આવે છે, જેમાં વિવિધ પ્રદેશોમાં નિર્માણ થતા હવાના દબાણ, પવન, તાપમાન, બરફનું પ્રમાણ અલનીનો જેવા સાગરી પ્રવાહ વગેરેનો સમાવેશ થાય છે. આ મૉડેલને ગોવારીકર મૉડેલના નામે ઓળખવામાં આવે છે, પણ ૨૦૦૨ના દુકાળનો અંદાજ મેળવવામાં આ મૉડેલ નિષ્ફળ ર્યા બાદ નવીન મૉડેલ વિકસિત કરવામાં આવ્યું.

દિલ્હી હવામાન વિભાગે ૨૦૦૩માં નવું મૉડેલ તૈયાર કર્યું. આ મૉડેલ આઠ ઘટકો પર આધારિત હોવાથી તેમાં એપ્રિલ મહિનામાં એકવાર અને ત્યાર બાદ જુલાઈ મહિનામાં બીજી વાર હવામાનનો અંદાજ વ્યક્ત કરવામાં આવતો હતો, પણ ૨૦૦૭માં આ મૉડેલને પણ રદ કરવામાં આવ્યું. હાલમાં વપરાતા મૉડેલ પ્રાથમિક અંદાજ માટે પાંચ ઘટક તેમ જ સુધારિત અંદાજ માટે છ ઘટકોનો અભ્યાસ કરે છે. તેની સાથે હવામાનનો વર્તારો વધુ કરવા સચોટ ઠેકઠેકાણે રડાર બાંધવા મહારાષ્ટ્ર દૂરબીનો બેસાડવામાં આવ્યાં છે. ઉપગ્રહના માધ્યમ દ્વારા હવામાનમાં થઈ રહેલા ફેરફારોની માહિતી એકઠી કરવામાં આવે છે.

મુંબઈમાં ચોમાસાનું આગમન

વર્ષ	શહેરમાં પ્રથમ વરસાદ દર્શાવતી તારીખ
૧૯૯૦	૩૧ મે
૧૯૯૧	૭ જૂન
૧૯૯૨	૭ જૂન
૧૯૯૩	૧૩ જૂન
૧૯૯૪	૬ જૂન
૧૯૯૫	૧૭ જૂન
૧૯૯૬	૧૨ જૂન
૧૯૯૭	૧૪ જૂન
૧૯૯૮	૧૫ જૂન
૧૯૯૯	૧૯ જૂન
૨૦૦૦	૬ જૂન
૨૦૦૧	૯ જૂન
૨૦૦૨	૧૨ જૂન
૨૦૦૩	૧૬ જૂન
૨૦૦૪	૧૦ જૂન
૨૦૦૫	૧૯ જૂન
૨૦૦૬	૩૧ મે
૨૦૦૭	૧૮ જૂન
૨૦૦૮	૭ જૂન
૨૦૦૯	૯ જૂન
૨૦૧૦	૧૧ જૂન

ગ્રીન કાર્ડ મળ્યા બાદ કેટલા સમય પછી સિટિઝન બનવાની અરજી કરી શકાય ?

સવાલ : મારા લાભ માટે મારી મોટી બહેને ફૅમિલી કૉર્ટ પ્રેફરન્સ કેટેગરી હેઠળ ઇમિગ્રન્ટ વિઝાનું પિટિશન દાખલ કર્યું હતું. હવે એ કરંટ થવાનું છે, પણ મારી બહેન હમણાં જ અચાનક હૃદયરોગના હુમલાથી મૃત્યુ પામી છે. મારા પિટિશનનું હવે શું થશે ?

- જયશ્રી ડગલી, અમદાવાદ

જવાબ : સામાન્ય સંજોગોમાં તમારું પિટિશન રદ થાય, પણ જો તમારા કોઈ બીજા અંગત સગા અમેરિકન નાગરિક યા ગ્રીન કાર્ડધારક હોય તો તેઓ તમારી બહેનની જગ્યા લેવા માટેની અરજી કરી શકે છે. જો એ અરજી માન્ય કરવામાં ન આવે તો એમને અસાધારણ અને પારાવાર મુશ્કેલીઓ પડી શકે એવું દેખાડે તો એમને તમારી બહેનની જગ્યા લેવાની છૂટ આપવામાં આવી શકે.

સવાલ : વિઝિટર્સ વિઝા મેળવીને અમેરિકા ગયેલો મારો ૨૨ વર્ષનો પુત્ર ત્યાં બે વર્ષ રહ્યો. એને એ માટે કોઈએ રોકવ્યો ટોકવ્યો નહીં. એણે થોડો સમય સ્ટોરમાં, થોડો સમય રેસ્ટોરાંમાં અને થોડો સમય મોટેલમાં પણ કામ કર્યું, પણ એ પકડાયો નહોતો. પછીથી એ પોતાની જાતે જ ભારત પાછો આવી ગયો. હવે એને અમેરિકામાં મળેલી એક સિટિઝન છોકરી જોડે લગ્ન કરવાં છે, તો શું અમેરિકન સિટિઝન જોડે લગ્ન કરતાં એને ત્યાં કાયમી રહેવા માટેના ઇમિગ્રન્ટ વિઝા મળી શકશે ? આપને ફરી પાછું જણાવું છું કે મારા દીકરાએ અમેરિકામાં કંઈ જ ખોટું કામ નથી કર્યું. એને શોપ લિફ્ટિંગ કે કાર સ્પીડિંગ જેવા મામૂલી ગુના માટે પણ ક્યારેય પકડવામાં નથી આવ્યો.

- એક પિતા

જવાબ : આપવામાં આવેલા સમય કરતાં એક વર્ષથી વધુ સમય અમેરિકામાં રહીને તમારા દીકરાએ એના વિઝિટર્સ સ્ટેટસનું ઉલ્લંઘન કર્યું છે. એણે વિઝિટર્સ વિઝા ઉપર અમેરિકામાં જઈને કામ કરવાનો ગુનો પણ કર્યો છે. આ કારણોસર હવે એણે અમેરિકા છોડ્યું એ પહેલાંનાં ૧૦ વર્ષ સુધી અમેરિકામાં કોઈ પણ વિઝા પર પ્રવેશી નહીં શકે. જો અમેરિકન સિટિઝન જોડે એ લગ્ન કરે અને એ સિટિઝન એના માટે માફીની અરજી કરે અને દેખાડી આપે કે જો એના વરને માફી આપવામાં નહીં આવે તો એને અસાધારણ અને પારાવાર હાડમારી પડશે, તો માફી મળ્યા બાદ તમારા દીકરાને અમેરિકામાં પ્રવેશવા માટેના ઇમિગ્રન્ટ વિઝા મળી શકશે.

ઓહ અમેરિકા ! આહ ઇમિગ્રેશન !!

સુધીર શાહ એડવોકેટ, મુંબઈ
ફોન નં. : ૨૨૬૫ ૪૬૫૮/૨૨૬૫ ૪૦૮૩
E-mail:sudhir.shah@airtelbroadband.in

સવાલ : એક પ્રદર્શન જોવા જવું છે એવું દેખાડીને મ અમેરિકાના બિઝનેસ વિઝા મેળવ્યા હતા, પણ એ ૧૦ વર્ષના મલ્ટિ એન્ટ્રી વિઝા પર મેં વારંવાર અમેરિકા જઈ ત્યાં છ-છ મહિના રહેવાની અને કામ કરવાની ભૂલ કરી હતી. આથી મારા વિઝા ગયા વર્ષે હું જ્યારે અમેરિકા પાછો જતો હતો ત્યારે કૅન્સલ કરવામાં આવ્યા છે. એ સમયે મને ધમકાવીને મારી આગળ ખોટી કબૂલાત કરાવીને એક સ્ટેટમેન્ટ ઉપર સહી લેવામાં આવી છે. ઇમિગ્રેશન ઑફિસરોના આવા વર્તન બદલ હું એમની ઉપર કેસ કરી શકું ?

- એક વાચક

જવાબ : તમારી વાત તો ચોર કોટવાલને દંડે એવી છે. તમે પોતે જ કહો છો કે તમે ખોટી રીતે બિઝનેસ વિઝા મેળવ્યા હતા અને એ વિઝાનો દુરુપયોગ કર્યો હતો. તમારા મોઢામાં ઇમિગ્રેશન ઑફિસર વિરુદ્ધની વાતો શોભતી નથી. જો ફરીથી અમેરિકાના બિઝનેસ યા અન્ય કેટેગરીના વિઝા મેળવવા હોય તો તમારી ભૂલનો એકરાર કરો અને માફી માગીને વિઝાની અરજી કરો. જો નસીબ સારું હશે તો કદાચ તમારી માફીની અરજી મંજૂર કરવામાં આવશે અને તમને વિઝા આપવામાં આવશે.

સવાલ : ગ્રીન કાર્ડ મળ્યા પછી કેટલા વખત પછી સિટિઝન બનવાની અરજી કરી શકાય ?

- મુકેશ રીનદાણી, રાજકોટ

જવાબ : પાંચ વર્ષ બાદ. પણ જો તમને ગ્રીન કાર્ડ લગ્ન સંબંધના આધારે મળ્યું હોય તો ત્રણ વર્ષ બાદ તમે અમેરિકન સિટિઝન બનવાની અરજી કરી શકો છો.

S.S.C.નું પરિણામ

ટૂંક સમયમાં જ S.S.C.નું પરિણામ જાહેર થવાનું છે. કેટલાંય વિદ્યાર્થીઓ સરસ માર્કસ સાથે ખૂબ સારા ટકા મેળવશે તો કેટલાક મહેનત કરી હોવા છતાં ધાર્યા ગુણાંક પ્રાપ્ત કરી શકશે નહિં.ક્યાંક હર્ષની ચિચિયારીઓ સંભળાશે તો ક્યાંક ડૂસકા અને રુદનને કારણે વાતાવરણ ગંભીર હશે. દ્રશ્યું ઘેરાણ એટલે કે S.S.C.ને શાળાજીવનનું સૌથી મહત્વનું વર્ષ ગણવામાં આવે છે.અને આજનાં સ્પર્ધાત્મક યુગમાં માતાપિતા પોતાના બાળક પાસેથી પહાડ જેટલી અપેક્ષાઓ રાખતા હોય છે.એમાં મરો થઈ જાય છે બાળકનો.તેની રસરુચી હોય કે ન હોય પણ ગોખેલું ઓકી તેની પાસેથી S.S.C.માં તે સારા માં સારા માર્ક મેળવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે જેથી તે સારી એવી એકાદ પ્રતિષ્ઠિત કોલેજમાં એડમિશન મેળવી એન્જિનીયર કે ડોક્ટર બનવા ભણી આગળ વધી શકે.

પણ જો કદાચ ના જાહેર થયેલા પરિણામમાં તમારા સંતાનના ધાર્યા ટકા ન આવે કે તે નાપાસ થાય તો મહેરબાની કરી તેને જાકારો ન આપશો.તેની પડખે ઉભા રહેશો.તેના આત્મવિશ્વાસની જ્યોત બુઝાઈન જાય એનું ખાસ ધ્યાન રાખશો. વિદ્યાર્થીઓ, તમે પણ ધ્યાન આપજો કે S.S.C.નું પરિણામ જ કંઈ સર્વસ્વ નથી. S.S.C. પરિણામમાં જ દુનિયા પૂરી થઈ જતી નથી. ઉલટું આ પછી જ તો એક નવી શરુઆત થવાની છે તો તેનું સ્વાગત ગમગીનીથી શીદને કરું?

આજકાલ નાપાસ થવાને કારણે વિદ્યાર્થીઓ આત્મહત્યા કર્યાના સમાચાર અવારનવાર અખબારોમાં વાંચવા મળે છે. પણ આ તો નરી કાયરતાની નિશાની છે. એમ કંઈ શાળાની કે ની પરિક્ષામાં નાપાસ થયા એટલે અતિ મૂલ્યવાન એવા જીવનનો અંત આણી દેવાનો? આ તો કેવું મૂર્ખતાભર્યું પગલું?આનાથી ન તો જાન ગુમાવનારને કંઈ હાંસલ થાય છે ન તો તેના પરિવારજનોને.ઊલટું બન્ને પક્ષ ગુમાવે જ છે.આત્મહત્યા કરનાર મહામૂલું જીવન અને પરિવારજનો

'બ્લોગને ઝરૂખેથી...'

વિકાસ ઘનશ્યામ નાયક
email : vikas.nayak@gmail.com
http://blognezarookhethee.blogspot.com

પોતાનો પરિવારનો એક સભ્ય. S.S.C. પરિક્ષામાં હોય કે પછી જીવનમાં કોઈ પણ તબક્કે મળેલી બીજી કોઈ નિષ્ફળતા - કોઈ નિષ્ફળતા એટલી મોટી નથી હોતી કે જેને કારણ થઈ તમે જીવન ખતમ કરી નાંખવા જેવું અંતિમ પગલું ભરી બેસો.

બીજી એક મહત્વની વાત કરવાનું મન થાય છે.ક્યાંક વાંચેલું કે ઈશ્વર તમને એ નથી આપતા જે તમે ઇચ્છતા હોવ, પણ એ તમને એ આપે છે જે તમારા માટે સારું હોય, યોગ્ય હોય. મારું પોતાનું ઉદાહરણ ટાંકું તો આજથી સોળ વર્ષ પહેલા, દર વર્ષે શાળામાં પ્રથમ આવવા છતાં S.S.C.માં હું શાળામાં પ્રથમ તો શું દ્વિતીય પણ ન આવી શક્યો. ત્રીજા સ્થાને રહી મેં ૯૦.૮૫ % માર્કસ મેળવ્યા. આ પરિણામ કોઈ જ રીતે ખરાબ કે ઓછું ન હોવા છતાં મેરિટ લીસ્ટ સાત માર્કથી છેટું રહી ગયું અને હું ખૂબ દુઃખી થઈ ગયો. પણ હિંમત ન હારી માતાપિતાના સંપૂર્ણ સહયોગ અને આશિર્વાદથી નજર ઊંચી જ રાખી, આગળ ભણવા અને સારી કારકિર્દી બનાવવામાં. ગુજરાતી માધ્યમમાં ભણવા બદલ હું આજે પણ કોઈ જાતની નાનમ નથી અનુભવતો અને મને એ વાતનું ગૌરવ છે.માતૃભાષામાં ભણવાને કારણે જ હું નેવું ટકા કરતા પણ વધુ માર્કસ S.S.C.માં મેળવી શક્યો અને એ વાત મને આગળ ઉચ્ચ અભ્યાસમાં પણ ક્યાંય અંતરાયરુપ નથી બની અને બારમામાં પણ સારા ટકા મેળવી એન્જિનયીરીંગ અને પછી M.B.A. સુધીની મજલ કાપી અને સારી પ્રતિષ્ઠીત કંપનીમાં નોકરી મેળવી શક્યો. જીવનમાં કોઈ પણ પગલે તમારું ધાર્યું પરિણામ ન મળે તો નાસીપાસ કે નિરાશ થયા વગર તેને ઈશ્વરનો સંકેત ગણી સ્વીકારી લો અને અધિક મહેનત કરી આગળ વધવા માંડો. એ જ સફળ થવાની સાચી રીત છે.

પરિણામની રાહ જોઈ રહેલા, બધાં ના વિદ્યાર્થીઓને મારા All The Best અને મિત્રો, યાદ રાખજો કે S.S.C.નું પરિણામજ જીવનનો અંત નથી બલ્કે એ તો એક શરુઆત છે. આથી તમારું ધાર્યું પરિણામ આવે તો તો સારું જ છે પણ જો એ તે પ્રમાણે ન આવે તો નિરાશ થવાની જરાય જરુર નથી.'કરતા જાળ કરોળિયો' વાળી કવિતા યાદ કરી ફરી પાછા મચી પડો મહેનત કરવા અને ઓછા માર્કસ આવે તો જીવનમાં આગળ ઘણી બીજી પરિક્ષાઓ આવશે જ્યાં તમને ફરી તક પ્રાપ્ત થશે મહેનત કરી સારું પરિણામ મેળવવાની. ઈશ્વરમાં શ્રદ્ધા રાખો.

સિલિકોન વેલીના શ્રીમય કૃષ્ણધામ હવેલી માટે એક લાખ ડૉલરનું ભંડોળ એકઠું થયું

પ્રવીણ દેસાઈ તરફથી

મિલપ્રે/કેલિફોર્નિયા, તા. ૧૨ : સાન ફ્રાન્સિસ્કો અખાતી તટવર્તી વિસ્તારમાં 'બે-એરિયા યુવા વૈષ્ણવ પરિવાર- બે-વીપી'ના શ્રીમય કૃષ્ણધામ હવેલી-નંદાલયના લાભાર્થે વ્રજભૂમિનાં ગોધનની માખણ-માટીની સોડમવાળી અદ્‌ભૂત કૃષ્ણલીલામાં ગવાતાં લોકગીતોનાં સ્પંદનો સાથે રાધાકૃષ્ણની પ્રેમલક્ષણા ભક્તિને લોકભોગ્ય બનાવતી નૃત્યનાટિકા ''સથવારો શ્રી રાધેશ્યામનો રે''નો અમેરિકાના પ્રવાસનો પ્રથમ કાર્યક્રમ સાન ફ્રાન્સિસ્કો નગરના સીમાડે મિલપ્રે ઉપનગરમાં યોજાયો હતો.

મુંબઈના મોટા મંદિર તથા કાંદિવલીના યુવા વૈષ્ણવાચાર્ય પૂ. શ્રી રાજકુમારજીના અતિથિવિશેષપદે આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં 'બે-વીપી'ના પ્રશંસકો, શ્રેષ્ઠિઓ, સહયોગીઓ તથા વૈષ્ણવ સમુદાયના ઉદારદિલ દાતાઓએ હવેલીના લાભાર્થે વિક્રમી એક લાખ અમેરિકન-ડૉલરની માતબર રકમનું દાન આપ્યું હતું. આરંભથી અંત સુધી આકર્ષક સેટ, વેશભૂષામાં ૩૩ કલાકારવૃંદના રસાલાએ કૃષ્ણલીલાની અવર્ણનીય ઝલક પ્રગટ કરી હતી. નાટિકામાં અંતિમ દૃશ્યમાં શ્રીમદ વલ્લભાચાર્યજી, શ્રીનાથજી અને શ્રીયમુના મહારાણીજીનાં જીવંત સ્વરૂપો સાથે તિરુપતિ બાલાજી, શ્રીવિઠોબા સહિત શ્રીવિષ્ણુના દશાવતારનાં અવર્ણનીય દર્શનની ઝાંખી કરાવી હતી.

'સથવારો શ્રી રાધેશ્યામનો' નૃત્યનાટિકાનું લાક્ષણિક દૃશ્ય

દક્ષિણ આફ્રિકાની કોમરેડ્‌સ મેરેથોનમાં મુંબઈનાં ગુજરાતી દંપતીએ પ્રથમવાર ભાગ લીધો

દક્ષિણ આફ્રિકાની કોમરેડ્‌સ મેરેથોનમાં ભાગ લેનારું સૌપ્રથમ ભારતીય દંપતી - અમિત બી. શેઠ અને નીપા એ. શેઠ

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૧૨ : દક્ષિણ આફ્રિકામાં છેલ્લાં ૮૫ વર્ષથી યોજાતી ૯૦ કિલોમીટર લાંબી પ્રતિષ્ઠિત કોમરેડ્‌સ મેરેથોનમાં આ વર્ષે સૌપ્રથમ વાર મુંબઈનાં ગુજરાતી દંપતીએ ભાગ લીધો હતો અને તેમણે ૧૧ કલાક ૫૦ મિનિટ ૫૩ સેકન્ડમાં આ રેસ પૂરી કરી હતી. આમ તેમણે આ રેસમાં ભાગ લેનારાં ભારતનાં પ્રથમ દંપતીનું માન મેળવ્યું છે. અમેરિકામાંથી એમએસ અને એમબીએ થયેલા પાલાંના અમિત બી. શેઠ (૪૩) છેલ્લાં પાંચ વર્ષમાં વિશ્વની નવ મેરેથોનમાં ભાગ લઈ ચૂક્યા છે. જેમાં પ્રાગ, ફ્રાન્સ, ઈટાલી, મુંબઈ મેરેથોન અને આ કોમરેડ્‌સ મેરેથોનનો સમાવેશ થાય છે. આ વર્ષે દક્ષિણ આફ્રિકાની આ મેરેથોન ગઈ ૩૦ મેએ યોજાઈ હતી, જેમાં તેઓ અને તેમનાં પત્ની નીપાબહેન શેઠ (૪૨) પણ દોડ્યાં હતાં.

આ રેસ પીટરમેરીઝબર્ગ અને ડરબન શહેરો વચ્ચે યોજાઈ છે. આ મેરેથોન અત્યંત કઠીન હોય છે. માર્ગમાં પાંચ મોટી ટેકરીઓ પણ આવે છે. દર વર્ષે તેમાં ૧૫,૦૦૦થી વધુ સ્પર્ધકો ભાગ લે છે.

અમિતભાઈએ જણાવ્યું હતું કે છેક ૧૯૨૧થી શરૂ થયેલી આ મેરેથોનમાં ૨૦૦૮ સુધી કોઈ ભારતીય નાગરિકે ભાગ લીધો નહોતો. ૨૦૦૯માં મેં પ્રથમવાર ભાગ લીધો અને આ વર્ષે અમે બન્ને દોડ્યાં. આ રેસ ૧૨ કલાકની અંદર જ પૂરી કરવાની હોય છે.

કોમરેડ્‌સ મેરેથોન ઍસોસિયેશને અમિતભાઈની ભારતના એમ્બેસડર તરીકે નિમણૂક કરી છે.